Indian Journal of Social Sciences and Literature Studies ISSN 2349-5634 (Print) ISSN 2455-0973(Online) Vol. 2 Issue 2
A peer reviewed refereed international Journal Impact Factor 3.12
© Contemporary Research Publication

# અછૂતોના ઉત્થાનમાં દાદા મેકરણનું પ્રદાન

ડૉ.રાજેશકુમાર એમ.જાદવ
અધ્યાપક સહાયક, ઇતિહાસ વિભાગ
કવિશ્રી બોટાદકર આર્ટ્સ & કોમર્સ કોલેજ ,બોટાદ

ભારત ભૂમિએ ધર્મની જનની છે અહીં વિશ્વના મુખ્ય ધર્મોનો ઉદય અને વિકાસ થયો છે.આ તમામ ધર્મોના મહાન વ્યક્તિઓએ પોત પોતાના ધર્મના પ્રચાર અને પ્રસારમાં મહત્વની ભૂમિકા અદા કરે છે.આ સંતોએ ભક્તિની સાથે – સાથે ગરીબ ,પછાત અને અછૂતોના ઉત્થાન અને સામાજિક સુધારાવાદી પ્રવૃત્તિ ચલાવી હતી.

મધ્યકાળમાં ભક્તિ અને સૂફી આંદોલનની અસર તળે કચ્છ પણ અછૂતું રહ્યું નથી. દાદા મેકરણ એ પ્રભુની ભક્તિ સાથે – સાથે ભૂલા પડેલ ભૂખ્યા અને અછૂતોને સામાજિક દરજ્જો આપવા સુધારાવાદી પ્રવૃત્તિ ચલાવી હતી.

**મેકરણ દાદા : જીવન પરિચય સંવત ૧૭૨૩ થી સંવત ૧૭૮૬ (૧૬૬૭ ઈ.સ. થી ૧૭૩૦ ઈ.સ.):-**

કચ્છ જિલ્લાનાં ભૂજ તાલુકામાં ધ્રંગ ગામ આવેલ છે. ધ્રંગ ગામમાં દાદા મેકરણની સમાધિ આવેલી છે. ધ્રંગ ગામથી ભુજથી ૪૦ કિ.મી. દૂર આવેલ છે.[૧] દાદા મેકરણનો જન્મ સંવત ૧૭૨૩ (૧૬૬૭ ઈ.સ.)નાં આસોસુદ ૧૦ (વિજયાદશમી) સોમવારના દિવસે નખત્રાણા તાલુકાના નાનકડા ગામ ખોંભડીના[૨] ભટ્ટી કુળમાં થયો હતો.[૩] તેમના પિતાનું નામ હરધોળજી અને માતાનું નામ પબાબાઈ હતું.તેમને વરસામાં જ ધર્મના સંસ્કારો મળ્યા હતા.માતા – પિતા પ્રભુભજનિક હોવાથી તેમના ત્યાં સાધુ સંતો નિરંતર ઘરે આવતા હતા.[૪] પિતા હરાધોળજી નવું ઘરનું બાંધકામ કરાવતાં પહેલાં અમુક સ્થળે નહીં ખોદવાની તેમને સૂચના આપવામાં આવેલ હતી.છતો તે અવગણીને ત્યો ખોદતાં ખલકો ,ટોપ ,પતાર ,પાવડી ,ચાખડી અને ચુંદડી નીકળ્યો.આ ઉમાણ નીકળવવાની ખબર વાછરડા ચરાવતો મેકરણને પડતાં તેમણે તે હાથ વેગી કરી લીધી.

“ મેકરણ તું તો જે બિરદ સાસું ન્યાર
ઇજ પતર , ઇજ પાવડી ,
ઇજ પાંજો આચાર ,
પાવડીજી પત્ રખતું ,પત્તરજી પ્રતિયાર ”

પોતાના આગમ ભાખ્યાં બિરદને પામવા આ ચીજોને પોતાના આચાર તરીકે સ્વીકારી મેકરણ ઘરેથી ચાલી નીકળ્યા.તેમની માતા પબાબાઈની ઘણી સમજાવટ છતાં તેમણે “માતાના મઢ”સ્થાનકે આવી ત્યોના કાપડી